# લેકાવાડા ગામમાં અચાનક બે મકાનો સળગી ઉઠયા

## ૧૮૦૦ પૂળા, ઘરવખરી અને કરીયાણુ મળીને અંદાજે બે લાખનું નુકશાન

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર નજીક લેકાવાડા ગામમાં બપોરના સુમારે અચાનક બે મકાનો સળગી ઉઠતા દોડધામ મચી જવા પામી હતી. ગાંધીનગર ફાયરબ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને પાણીનો મારો ચલાવી આગને વધુ પ્રસરતા અટકાવી સદ્‌ભાગ્યે કોઈ જાનહાની થવા પામી ન હતી.

લેકાવાડા ગામમાં રહેતા મનુજી વાઘેલાના મકાનમાં બપોરે કોઈ કારણોસર લાગેલી આગ તેના બીજા મકાન તરફ પણ ફેલાઈ ગઈ હતી. આગ લાગતા જ ગામમાં નાસભાગ મચી જવા પામી હતી. સાથે પહોંચી ગયા હતા અને પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લઈ લીધી હતી. આ આગ દુર્ઘટના કેવી રીતે સર્જાઈ તે હજુ રહસ્ય છે. તો બીજી તરફ આગ દુર્ઘટનામાં ૧૮૦૦ જેટલા પુળા, ઘરવખરીનો સામાન, અનાજ-કરીયાણુ સહિતનો અંદાજે બે લાખનો સામાન બળીને ખાખ



દીધી હતી. આ આગ દુર્ઘટનામાં પૂળા, ઘરવખરી, સહિતનો સામાન બળીને ખાખ થઈ જવા પામ્યો હતો. ગાંધીનગર ફાયરબ્રિગેડને ઘટનાની જાણ કરવામાં આવતા ફાયર ઓફિસર મહેશ મોડ તેમની ટીમ થઈ ગયો હતો. સદ્ નસીબે આ દુર્ઘટનામાં કોઈને ઈજાઓ કે જાનહાની થવા પામી નથી.

# ચાર પીઆઈની બદલીઓના આદેશ

## વાઈબ્રન્ટ સમિટને પગલે કોઈ પણ રજા ભોગવ્યા સિવાય જિલ્લામાં હાજર થવા ડીજીપીની સુચના

ગાંધીનગર, તા.૨૬

રાજયના પોલીસ વડા પી.સી. ઠાકુર દ્વારા ચાર પીઆઈની બદલીઓના આદેશ જારી કર્યા છે. જેમાં ગાંધીનગર જિલ્લાના બે પીઆઈ તથા પી.ટી.એસ. વડોદરાના એક પી.આઈ. અને પોલીસ અકાદમી કરાઈના એક પી.આઈ.નો સમાવેશ થાય છે.

ગાંધીનગર જિલ્લાના વી.એચ. ડીંડોરને પોલીસ તાલીમ શાળા વડોદરા ખાતે અને પી.ટી. બોદરની પોલીસ અકાદમી કરાઈ ખાતે બદલી કરાઈ છે તે ઉપરાંત વડોદરા પોલીસ તાલીમ શાખામાંથી પી.બી. ચૌહાણ અને પોલીસ અકાદમી કરાઈમાંથી પીઆઈ એસ.એમ. સૈયદને ગાંધીનગર જિલ્લામાં બદલીના હુકમ કરવામાં આવ્યા છે. બદલીના હુકમની અમલવારી તાત્કાલિક અસરથી કરવા સુચના આપવા ઉપરાંત ગાંધીનગર જિલ્લામાં બદલી પામેલા પીઆઈને વાઈબ્રન્ટ સમીટને પગલે કોઈ પણ જાતની રજા ભોગવ્યા સિવાય હાજર થવા આદેશ કરવામાં આવ્યો છે.

# સોનારડા ગામે રોગચાળો વકર્યો જિલ્લા પંચાયત પ્રમુખ દોડી આવ્યા

## ઝાડા-ઉલ્ટીના વધુ ૯ કેસ મળ્યા અને પાણીના વધુ પાંચ લિકેજીસ ધ્યાનમાં આવ્યા : ગામની જુની પાઈપલાઈનો સત્વરે બદલવા જિલ્લા પંચાયત પ્રમુખ હીનાબેનનો આદેશ



ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર તાલુકાના સોનારડા ગામે આજે પણ ઝાડા-ઉલ્ટીના કેસો





જોવા મળ્યા હતા. આજે ત્રીજા દિવસે બીજા ૯ નવા કેસ નોંધાયા હતા, જ્યારે પાણીના અન્ય પાંચ લિકેજ મળી આવ્યા હતા. બનાવની ગંભીરતાને ધ્યાનમાં લઈને જિલ્લા પંચાયતના પ્રમુખ હીનાબેન પટેલે આજે સોનારડા ગામની મુલાકાત લીધી હતી.

રોગચાળાને સત્વરે કાબુમાં લેવા આરોગ્યતંત્ર દ્વારા સઘન પ્રયાસો હાથ ધરાયા છે અને ગામના અસરગ્રસ્ત વિસ્તારના ઘરોની મુલાકાત લઈને તપાસ કાર્ય વેગવંતુ બનાવ્યું હતું. સોનારડા ગામમાં સઘન સર્વેલન્સ કાર્યવાહીથી પાણીના વધુ પાંચ લિકેજીસ મળી આવ્યા હતા. જેના કારણે દુષિત પાણી પેયજળમાં મિશ્રિત થતુ હોય તેવી શક્યતાઓ રહેલી છે. ગામમાં પાણીની પાઈપલાઈન બદલી નાંખવા માટે જિલ્લા પંચાયત પ્રમુખ હીનાબેન પટેલે સંબંધિત અધિકારીઓને સૂચના આપી હતી. તેમણે અસરગ્રસ્ત વિસ્તારમાં ઘરે ઘરે જઈને પાણીની તપાસ કરી હતી.

આરોગ્ય ટીમે પણ તેની કાર્યવાહી સઘન બનાવી હતી. આ દરમ્યાન ગામમાં વધુ ૯ કેસો મળી આવતા રોગચાળાની ગંભીરતા ઘેરી બની હતી અને ગામમાં ક્લોરીનેશનવાળુ પીવાનું પાણી આપવાની વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી.

# વિશ્વકર્મા સમાજનું સ્નેહમિલન યોજાયુ

ગાંધીનગર, તા. ૨૬

શ્રી વિશ્વકર્મા સેવા સમાજ ગાંધીનગરનો નૂતન વર્ષ સ્નેહમિલન સમારોહ અને તેજસ્વી વિદ્યાર્થીઓને પારિતોષિક આપવાનો કાર્યક્રમ યોજાયો હતો. ગત ૨૩ નવેમ્બર રવિવારે ગાંધીનગર સ્થિત ટાઉનહોલમાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય મહેમાન તરીકે બાબુલાલ જમનાદાસ ગજ્જર, અતિથિવિશેષ તરીકે ડૉ. પરેશભાઈ ગજ્જર, ડૉ. રવિ ગજ્જર, આકાશ ગજ્જર અને સુભાષ ગજ્જર ઉપસ્થિત રહ્યા હતા. સમારોહની શરૂઆતમાં પ્રાર્થના રજુ કરવામાં આવી હતી. ત્યારબાદ તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ આપવામાં આવ્યા હતા. તેમજ 'સાચી મૂડી સબંધોની' નાટક રજુ કરવામાં આવ્યું હતું. છેલ્લે સમાજના સભ્યોએ એક સાથે ભોજન લઈને છુટા પડ્યા હતા.



## સે. ૨૧ આર વર્લ્ડ સિનેમાગૃહ પાસે કારમાં આગ ભભુકી

### કારમાલિક ખરીદી કરવા ગયા ત્યાં સુધીમાં ઝાયલો સળગી ઉઠી

શહેરના સેક્ટર-૨૬ ખાતે રહેતા ભાવેશભાઈ મનુભાઈ પટેલ તેમની ઝાયલો ગાડી નં. જીજે-૧-એચ.બી-૫૧૯૧ લઈને સેક્ટર-૨૧ ખાતે શોપીંગ કરવા ગયા હતા. આર વર્લ્ડ સિનેમા ગૃહ ખાતે શોપીંગ કરવા ગયા હતા. આર-વર્લ્ડ સિનેમાગૃહ પાસે તેમણે તેમની ગાડી પાર્ક કરી અને ખરીદી કરવા ગયા ત્યાં સુધીમાં અચાનક જ તેમની કાર ભડભડ સળગી ઉઠી હતી. આગ કયા કારણોસર લાગી તે બાબત રહસ્યમય છે, જો કે ગાંધીનગર ફાયરબ્રિગેડની ટીમે સ્થળ પર પહોંચી જઈ આગને કાબુમાં લઈ લીધી હતી. સદ્‌ભાગ્યે આ દુર્ઘટનામાં પણ કોઈના દાઝ્યા કે જાનહાનીની ઘટના બનવા પામી નથી.

# રાંદેસણ પ્રમુખ રેસીડેન્સીનાં બંધ મકાનમાં ૧.૧૯ લાખની ઘરફોડ

## સપ્ટેમ્બરમાં થયેલી ઘરફોડ હવે ખોખરા પોલીસે આરોપી પકડ્યા બાદ દાખલ થઈ

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર નજીક આવેલા રાંદેસણ ખાતે સ્થિત પ્રમુખ રેસિડેન્સીના બંધ મકાનમાં સપ્ટેમ્બર માસમાં ઘરફોડ ચોરી થઈ હતી. દરવાજાનું તાળુ તોડીને રૂ. ૧.૧૯ લાખની મત્તા ઘરફોડીયા સાફ કરી ગયા હતા. ગઈકાલે આ ઘરફોડ ચોરીનો એક આરોપી અમદાવાદ ખોખરા પોલીસના હાથે ઝડપાઈ જતાં હવે ઈન્ફોસિટી પોલીસે ઘરફોડ ચોરીની ફરીયાદ દાખલ કરી છે. આરોપીને ટ્રાન્સફર વોરંટથી ગાંધીનગર લાવી પુછપરછ શરૂ કરાશે.

રાંદેસણ ખાતે સ્થિત પ્રમુખ રેસિડેન્સીમાં રહેતા ઉષાબેન અશોકભાઈ ચૌધરીના બંધ મકાનમાં ૨૫ સપ્ટેમ્બરથી ૨૯ સપ્ટેમ્બર દરમ્યાન દરવાજાનું તાળુ તોડીને તસ્કરો મકાનમાંથી સોના-ચાંદીના દાગીના તથા રોકડ મળીને રૂ. ૧,૧૯,૫૦૦ની કિંમતનો માલ ઉઠાવી ફરાર થઈ ગયા હતા. પતિ અમેરીકા હોવાથી આ ઘરફોડ ચોરી અંગે ફરીયાદ નોંધાઈ ન હતી. દરમ્યાન ગઈકાલે અમદાવાદ ખાતે વાહન ચેકીંગમાં આ ઘરફોડ ચોરીનો આરોપી કાળુસિંહ પલાત પકડાઈ ગયો હતો અને તેણે ગાંધીનગરની આ ઘરફોડ અંગેની કબુલાત કરતા ખોખરા પોલીસે તેની ધરપકડ કરી લીધી હતી. જેને પગલે ઈન્ફોસિટી પોલીસે ઉષાબેનની ફરીયાદ લઈને ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરી પીએસઆઈ પુવારને તપાસ સોંપવામાં આવી છે. આરોપીને અમદાવાદ ખોખરા પોલીસ પાસેથી ટ્રાન્સફર વોરંટથી લઈ આવવાતજવીજ શરૂ કરી છે.

# CBSE શાળાના બાળકો ગૃહકાર્યથી મુક્તિ મેળવશે

અમદાવાદ,તા. ૨૬

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (સીબીએસઈ) દ્વારા વિદ્યાર્થીઓની સુવિધા માટે ચાર ફેરફારો કરવામાં આવ્યા છે જે અંતર્ગત ધોરણ ૧૨માં રિવેલ્યુએશન સ્કુલથી આ વર્ષે બદલાવ કરવામાં આવશે જેમાં હવેથી વિદ્યાર્થીઓ ૧૦ની જગ્યાએ ૧૫ પ્રશ્નોના રીવેલ્યુએશન કરી શકશે. આ ઉપરાંત સીસીઈ પેટર્નને ધ્યાનમાં રાખીને વિદ્યાર્થીઓ, શિક્ષકો અને શાળા સંચાલકો તરફથી મળેલ સૂચનાના આધારે નવા સેમેસ્ટર માટે નવી ફોર્મ્યુલા તૈયાર કરવામાં આવશે તેમજ નવા ટેસ્ટનો પણ ઉમેરો કરવામાં આવશે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન દ્વારા વિદ્યાર્થીઓને ભાર વિનાનું ભણતર પુરુ પાડવા તેમજ આધુનિક સમય મુજબની તાલીમ મળી રહે તે માટે શિક્ષણ પદ્ધતિમાં સતત ચાર પરિવર્તન કરવામાં આવે છે. આ માટે સીબીએસઈ દ્વારા ફીડબેક સુવિધા શરૂ કરવામાં આવી છે. જેમાં દરેક સીબીએસઈ શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને શાળાના સંચાલકો પાસેથી શિક્ષણ પદ્ધતિ અંગે સીબીએસઈ દ્વારા ફીડબેક મેળવવામાં આવે છે તેમજ તેના આધારે નિષ્ણાતોના મંતવ્ય લઈને ફેરબદલ કરવામાં આવે છે ત્યારે ચાલુ વર્ષે સીબીએસી દ્વારા વિદ્યાર્થીઓની સુવિધા માટે ચાર ફેરબદલ કરવામાં આવ્યા છે જે અંતર્ગત વિદ્યાર્થીઓ ઉપરથી પ્રેસર ઓછું કરવા માટે બિનશૈક્ષણિક પ્રવૃત્તિઓ કે ગૃહકાર્ય 'બંનેમાંથી એકની પસંદગી કરવાની તક આપવામાં આવશે.

## વધુ ચાર દુકાન માલિકો સામે એસઓજીની તવાઈ

ગાંધીનગર એસઓજીની ટીમે વધુ ચાર દુકાનમાલિકો સામે સીસી ટીવી કેમેરા ન લગાડવા બદલ જાહેરનામા ભંગનો ગુનો દાખલ કર્યો છે. ભાટ કોટેશ્વર ચોકડી પાસે સ્થિત જય ખોડીયાર પરોઠા એન્ડ દાલબાટી હાઉસ હોટલ, રામવાળા શોપીંગ સેન્ટર, કુડાસણ રોડ પર સ્થિત સનરાઈઝ આર્કેડની ભોલે શંભુ પરોઢા હાઉસ અને ઓમ એન્કલેવ કોમ્પલેક્ષમાં સ્થિત હરસિધ્ધી માર્ટ (મોલ)માં કેમેરા ન લગાડવા બદલ ચારેયના માલિકો સામે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## ગાંધીનગર સબ રજીસ્ટ્રાર સામે એસીબીએ ગુનો દાખલ કર્યો

ગાંધીનગર સબ રજીસ્ટ્રાર કચેરીમાં ૨૯ સપ્ટેમ્બરે એસીબીએ ટ્રેપ ગોઠવીને સબ રજીસ્ટ્રાર રમેશભાઈ ગાંડાભાઈ રાવલને ઓફીસમાંથી કાયદેસરની ફી સિવાયના વધારાના રૂ. ૮૬૧૫ સાથે પકડી ખુલાસા માટે મુદત આપી હતી. મુદત પુર્ણ થવા છતાં લાંચના નાણાનો ખુલાસો ન કરી શકતા આખરે ગઈ રાત્રે ગાંધીનગર એસીબીમાં સબ રજીસ્ટ્રાર સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે અને ઉંડી તપાસ શરુ કરવામાં આવી છે.




(તસવીર : કશ્યપ નિમાવત)

અમદાવાદથી લગભગ ૧૨ વર્ષથી ગાંધીનગરના માર્ગો પર ફરીને દેશ-વિદેશના 'મેપ' (નકશા) અને બાળકો માટેના ચાર્ટ, સ્ટીકર્સનું વેચાણ કરનાર યુવક અજય ડબગરના કહેવા પ્રમાણે મોબાઈલ આવ્યા પછી વેચાણમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. સવારે ૧૧.૦૦ વાગ્યે પથિકાશ્રમથી શરૂ કરી ઘ-રોડ પર થઈ સેક્ટર-૧૬ અને ત્યારબાદ સેક્ટર-૨૧માં ફરી નકશા અને સ્ટીકર્સનું વેચાણ કરી બપોરે ૩.૦૦ વાગે અમદાવાદ પરત જતા રહે છે. વર્ષોથી પરિવાર આજે કામમાં વ્યસ્ત છે. ૩૫ વર્ષીય સભ્યો આ જ પ્રકારે અમદાવાદ-ગાંધીનગરનાં માર્ગો પર ફરીને વેચાણ કરે છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૭.૦૨

સૂર્યાસ્ત : ૫.૫૨

## તાપમાન

મહત્તમ : ૩૩.૦ ડિ.સે.

લઘુત્તમ : ૧૪.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૧ ટકા ● સાંજે ૩૯ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :

હેપ્પી એન્ડીંગ : ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :

હેપ્પી એન્ડીંગ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :

ધ એક્વાલાઈઝર : ૧.૦૦, ૩.૪૫, ૬.૪૫, ૯.૩૦

: સ્ક્રીન-૪ :

હેપ્પી એન્ડીંગ : ૧૦.૦૦

કિલ/દિલ : ૧૨.૪૫, ૩.૩૦

જ્ઞાના કીરુક્કમ (તમીલ) : ૭.૦૦

રંગ રસીયા : ૧૦.૦૦

: સ્ક્રીન-૫ :

કીલ/દિલ : ૧૦.૦૦

હેપ્પી એન્ડીંગ : ૨.૦૦, ૫.૦૦, ૭.૪૫

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

હેપ્પી એન્ડીંગ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

સ્ક્રીન-૨ :

ટીટ્ટો એમ.બી.એ. : ૧૦.૧૫, ૧.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

કિલ/દીલ : ૪.૧૫

સ્ક્રીન-૩ :

મની બેક ગેરન્ટી : ૧૦.૦૦, ૪.૦૦, ૭.૦૦

કિલ/દીલ : ૧.૦૦, ૧૦.૦૦

## આપની આજ

**મેષ** : આપનો પ્રબળ આત્મવિશ્વાસ અને દૃઢ નિશ્ચયથી મુશ્કેલ કાર્યોનો ઉકેલ મેળવી શકાય છે. કૌટુંબિક જીવનમાં તનાવ રહેવાની સંભાવના છે.

**વૃષભ** : જમીનના વ્યવસાય સાથે સંકળાયેલા માટે આજનો દિવસ શુભ બની રહેશે. જૂના કાર્યોનું પરિણામ મળશે. ઉદર વિકારને કારણે ખાનપાન પર સંયમ રાખવું.

**મિથુન** : આધ્યાત્મિક વ્યક્તિત્વના જાતકો માટે માન- સન્માન, લોકપ્રિયતામાં વૃદ્ધિના કાર્યો થઈ શકશે. વરિષ્ઠ ગુરુઓની કૃપા પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

**કર્ક** : આપને કર્મક્ષેત્રમાં ગહન શોધ વગેરેના કાર્યો થવાની શકયતાઓ છે. આર્થિક ક્ષેત્રમાં લંબિત પ્રકરણોમાં સમય પસાર થઈ શકે છે.

**સિંહ** : ધર્મ આધ્યાત્મ, જ્ઞાન વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. નીતિગત સમસ્યા, કોર્ટ- કચેરી સંબંધી વિવાદોને કારણે વિશેષ કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**કન્યા** : કુટુંબમાં વડીલો સાથે વિવાદમાં ન પડવું. ઉચ્ચસ્તરીય ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકશે. પવિત્ર ધાર્મિક સ્થળોની યાત્રા-પ્રવાસનું આયોજન થશે.

**તુલા** : સામાજિક ક્ષેત્રોમાં, જ્ઞાન વર્ધક કાર્યોમાં ઉપસ્થિત રહેવું પડે તેવી પરીસ્થિતિ ઉભી થઈ શકે છે. મિત્રો તથા સગા-સ્નેહીજનો સાથે મુલાકાત થઈ શકશે. કૌટુંબિક સમસ્યાઓ દૂર થશે.

**વૃશ્ચિક** : ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની સંભાવાનાઓ બની રહી છે. નાણાંકીય કાર્યોમાં વિશેષ યાત્રા- પ્રવાસનો યોગ બની રહ્યો છે.

**ધન** : કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. અપરણિતો માટે લગ્નના માંગા આવી શકે છે.

**મકર** : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોમાં સંબંધીમાં ચિંતન થઈ શકશે. ધાર્મિક કાર્યોમાં વધુ સમય પસાર થશે. કુટુંબનો સાથ સહકાર મળી રહેશે.

**કુંભ** : શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી યોગ્ય રહેશે. રાજકીય તથા સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે.

**મીન** : આર્થિક વિવાદોને ઉકેલવામાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્તિ થઈ શકશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે.

## ચિરવિદાય

- સ્વ. ચતુરભાઈ રાણાજી ઠાકોર (ઉ.વ.૩૫) ગામ - બોરીજ, જૈન દેરાસર પાસે, ગાંધીનગર
- સ્વ. ચંદુભાઈ હેમરાજભાઈ ખખ્ખર (ઉ.વ.૭૦) પ્લોટ નં. ૭૯/ ૩૩૯, સેક્ટર-૨૪, ગાંધીનગર